સાંધ્ય દૈનિક
# સૂર્યકાલ
SURYAKAL DAILY


આદ્ય તંત્રી - જગદીશ દવે

RNI NO : 65752/97, REGD.NO.GAMC 1227/2018-2020, Valid upto Dec./2018-2020, Daily, Posted at Ahmedabad RMS/2

સ્થાપક તંત્રી - જગદીશ દવે, તંત્રી-અજય દવે★ સંવત ૨૦૭૫ શકે ૧૯૪૧★ ભાદરવા સુદ - ૧૩ ★ Vol.23, Issue-159, Page-8, Suryakal Daily, Wednesday, Dt.11, September, 2019, Price (Rs.) 00.70

Printer, Publisher and Editor : DAVE AJAY JAGDISHKUMAR and Printed at Suryakal Offset, 11/B, Hemkoot Building, Near Nehru Bridge, Ashram Road, AHMEDABAD – 380 009 and Place of Publication : 910, Hemkoot Building, Near Nehru Bridge, Ashram Road, AHMEDABAD – 380 009. Ph./Fax : 079-26585880-81 Mo. 98253 12121, E-mail: suryakal@yahoo.com, suryakaljay@gmail.com , www.suryakal.co.in

# આંધ્રપ્રદેશ : રાજકીય લડાઈ વચ્ચે ચન્દ્રબાબુ નજર કેદમાં

## ટીડીપી - વાયએસઆરસીપી વચ્ચે ખેંચતાણ વધી

## નાયડુ પાર્ટી કાર્યકરો અને નેતાઓની સાથે મળીને ગુન્ટુરમાં રેલી કરે તે પૂર્વે પકડી લેવામાં આવ્યાં

## ટીડીપી નેતાની હત્યામાં દેખાવો કરવાના હતા

અમરાવતી, બુધવાર, તા.૧૧



આંધ્રપ્રદેશમાં વર્તમાન વાયએસઆરસીપી સરકાર અને પૂર્વ મુખ્યપ્રધાન ચન્દ્રબાબુ નાયડુની પાર્ટી વચ્ચે ખેંચતાણ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. પૂર્વ મુખ્યપ્રધાન નાયડુ પાર્ટી કાર્યકરો અને નેતાઓની સાથે ગન્ટુર જિલ્લામાં સરકાર વિરોધી રેલી કરનાર હતા પરંતુ તે પહેલા જ તેમને અટકાયતમાં લઈ લેવામાં આવ્યા હતા. રેલીની મંજુરી ન મળતા તેઓએ ભુખ હડતાળ કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ તેમને અને તેમના પુત્ર નર લોકેશને તેમના ઘરમાં જ નજર કેદમાં પકડી લેવામાં આવ્યા છે. રાજયમાં બંને પાર્ટી વચ્ચે ખેંચતાણ સતત વધી રહી છે. ટીડીપી દ્વારા આજે બુધવારના દિવસે ગુન્ટુરના પલનાડુ ખાતે ચલો આત્મકુરુ રેલી યોજવાની તૈયારી કરી હતી. પાર્ટી દ્વારા સરકાર પર રાજકીય હિંસા ફેલાવવાનો આરોપ કરી રહી છે. જો કે આંધ્રપ્રદેશ પોલીસ દ્વારા પાર્ટીની રેલીને મંજુરી આપી ન હતી. રાજયમાં કલમ ૧૪૪ લાગુ કરી દીધી હતી. પોલીસે રાજયના અનેક ટીડીપી નેતાઓને બાનમાં પકડી લીધા હતા. રેલીની મંજુરી આપવામાં ન આવતા ટીડીપીના કાર્યકરોએ હિંસા કરવાના પ્રયાસ કર્યાહતા. નાયડુને નજર કેદમાં પકડી લેવામાં આવ્યા હતા. પોલીસે જોરદાર નારેબાજી પણ કરી હતી. પોલીસ સાથે ઝપાઝપી પણ થઈ છે. હાલમાં યોજાયેલી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં ચન્દ્રબાબુ નાયડુની પાર્ટીને મોટો ફટકો પડ્યો હતો. કારણ કે તેમની પાર્ટીની ચૂંટણીમાં કારમી હાર થઈ હતી. ચન્દ્રબાબુ નાયડુ ચૂંટણી પહેલા મોદી વિરોધ મોરચાને મજબુત કરવામાં લાગેલા હતા. તેમની હાલત હવે ખરાબ થઈ ગઈ છે. આંધ્રપ્રદેશમાં હવે જોરદાર રાજકીય ગતિવિધી શરૂ થઈ છે.


વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે મથુરા ખાતે સ્વચ્છતા જ સેવા ૨૦૧૯ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે દેશવાસીઓને પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવા માટે અપીલ કરી હતી. મથુરા ખાતે પ્લાસ્ટીક ઉઠાવનારી મહિલાઓ સાથે પીએમ મોદીએ ચર્ચા કરીને તેમને સન્માનિત કરી હતી.

## કાબુલમાં અમેરિકાના દૂતાવાસ પાસે તાલિબાને બ્લાસ્ટ કર્યો

કાબુલ, બુધવાર, તા.૧૧

અફઘાનિસ્તાનમાં જેવી રીતે હાલમાં જ કાબુલમાં તાલિબાને આતંકી હુમલો કર્યો હતો તે બાદ અમેરિકાએ તાલિબાન સાથે શાંતિ વાર્તાને સ્થગિત કરી દીધી હતી. પરંતુ આના જવાબમાં ફરી એકવાર કાબુલમાં સ્થિત અમેરિકી દૂતાવાસ પાસે બોમ્બ બ્લાસ્ટ થયો છે. બુધવારે અમેરિકાના દૂતાવાસ પાસે એક વિશાળ બ્લાસ્ટ થયો. સોશિયલ મીડિયા પર આ ધમાકાની તસવીરો સામે આવી છે, જેમાં જોઈ શકાય છે કે અમેરિકી દૂતાવાસની બિલ્ડિંગ પાસે ભારે ધૂમાડા ઉઠી રહ્યા છે, આ જગ્યા પર અમેરિકા સિવાય અન્ય કેટલાક દેશોના દૂતાવાસ પણ આવેલાં છે. આ બ્લાસ્ટ ૯/૧૧ની ૧૮મી વર્ષગાંઠ પર થયો છે. શિન્હુઆના અહેવાલ મુજબ આ ધમાકો રૉકેટ બ્લાસ્ટથી કરવામાં આવ્યો છે. જો કે આ વિસ્ફોટને પગલે હજુ સુધી કોઈ જાનહાનીના અહેવાલ આવ્યા નથી અને આ હુમલાની એકેય આતંકી સંગઠનોએ પણ જવાબદારી સ્વીકારી નથી. પરંતુ જણાવી દઈએ કે અમેરિકાએ જ્યારે તાલિબાન સાથે વાર્તા રદ્દ કરી હતી ત્યારે તાલિબાને કહ્યું હતું કે તેઓ આનો જવાબ આપશે.

## અમદાવાદ એરપોર્ટ પરથી નકલી પાસપોર્ટ પર ઓમાન જતો શખ્સ ઝડપાયો

અમદાવાદ, બુધવાર, તા.૧૧

સરદાર પટેલ એરપોર્ટ પરથી નકલી પાસપોર્ટ પર વિદેશ જનાર શખ્સને ઈમિગ્રેશન વિભાગે ઝડપી પાડ્યો હતો. જેથી પોલીસે આ એજન્ટ બાબતે વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ એરપોર્ટ પરથી ઈમિગ્રેશન વિભાગે તપાસ દરમિયાન ડુપ્લીકેટ પાસપોર્ટ પર ઓમાન જતા સંતોષ ભગત નામના શખ્સને ઝડપી પાડ્યો છે. આ શખ્સને એરપોર્ટે પોલીસના હવાલે કરતા પોલીસે પ્રાથમિક પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે, આ આરોપીએ બે વર્ષ પહેલા ડુપ્લીકેટ પાસપોર્ટ બનાવ્યો હતો. જે દિલ્હીના કોઈ એજન્ટ પાસે બનાવ્યો હતો અને એરપોર્ટ પર ટિકીટ લઈ ઓમાન જતો હતો.આ સમયે ઈમિગ્રેશન ટેબલ પર ચેકિંગ કરાવતા તેનો પાસપોર્ટ નકલી હોવાની જાણ થઈ હતી. જેથી ઈમિગ્રેશન અધિકારીઓએ તેની પૂછપરછ કરતા તે પોતે બિહારનો છે અને તેનું નામ સંતોષ યાદવ છે તેમ જણાવ્યું હતું. પાસપોર્ટ બાબતે પૂછતા તેણે કબૂલાત કરી હતી કે, તે પાસપોર્ટ તેણે ૧૫ હજાર રૂપિયા આપીને દિલ્હીના કોઈ એજન્ટ પાસે બનાવડાવ્યો હતો. આટલું જ નહિ તેની સાથે ૧૫ લોકોએ આવા ડમી પાસપોર્ટ બનાવડાવ્યા હતા. જેથી પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## મુંબઈના ક્રોફર્ડ માર્કેટમાં બિલ્ડિંગનો ભાગ ધરાશાયી એકનું મોત

મુંબઈ, બુધવાર, તા.૧૧

મુંબઈના ક્રોફર્ડ માર્કેટમાં બિલ્ડિંગનો ભાગ ધરાશાયી થયો હતો.આ ઘટનામાં એક વ્યકિતનું મૃત્યું થયું છે. તેમજ કોઈના ઘાયલ થવાની માહિતી મળી નથી. ઘટના સ્થળ પર ફાયર ફાઈટરની ગાડીઓને તૈનાત કરવામાં આવી હતી. તેમજ વિગતો અનુસાર, અંદાજે ૬થી ૭ લોકોને બચાવવામાં આવ્યા છે.સામાન્ય રીતે બિલ્ડિંગના અમુક ભાગ જર્જરીત હોવાને કારણે ધરાશાયી થયો હતો. જણાવી દઈએ કે, સોમવારના રોજ ડોંગરીમાં બિલ્ડિંગનો સ્લેબ ધરાશાયી થયો હતો. જેમાં એક વ્યક્તિનું મૃત્યું થયું છે. તેમજ ઘાયલ લોકોને હોસ્પિટલ પહોંચાડવાની કામગીરી હાથ ધરાઈ છે.

## ઓટો સેક્ટરમાં મંદી માટે ઓલા-ઉબર જવાબદાર : નાણામંત્રી સીતારમણ

નવી દિલ્હી, બુધવાર, તા.૧૧

નાણામંત્રી નિર્મલા સીતારણે ઑટો સેક્ટરમાં આવેલી મંદી માટે ઓલા અને ઉબેરને જવાબદાર ગણાવ્યા છે. તેમણે કહ્યું કે આજે મિલેનિયલ્સ દ્વારા વાહન ખરીદવાની જગ્યાએ ટેક્સી સર્વિસનો ઉપયોગ કરવામાં આવી રહ્યાં છે. ચેન્નઈમાં નાણામંત્રીએ પત્રકારો સાથે વાતચીત દરમિયાન તેમ કહ્યું હતું. સીતારમણના આ નિવેદન પર કૉંગ્રેસના મંત્રીએ નિશાન સાધ્યું છે.

નાણામંત્રીએ કહ્યું આજે ઑટો-મોબાઈલ ઈન્ડસ્ટ્રી BS6 સ્ટાન્ડર્ડ અને મિલેનિયલ્સના માઈન્ડ સેટથી સૌથી વધારે પ્રભાવિત છે. જે આજકાલ ગાડી ખરીદવાની જગ્યાએ ઓલા-ઉબરને મહત્વ આપી રહ્યા છે. નાણા મંત્રીએ કહ્યું કે ઑટોમોબાઈલ સેક્ટરની સ્થિતિ માટે ઘણા ફેક્ટર જવાબદાર છે, જેમાં બીએસ-૬ મૂવમેન્ટ, રજિસ્ટ્રેશન ફી સંબંધિત મુદ્દાઓ અને લોકોનાં માઈન્ડસેટ સામેલ છે. સીતારમણે કહ્યું કે, ‘આજકાલ લોકો ગાડી ખરીદીને ઈંએમઆઈ ભરવાથી વધારે ઓલા-ઉબરથી કામ ચલાવવાનું વધારે પસંદ કરે છે.’ ઑટોમોબાઈલ સેક્ટરમાં ઘટી રહેલા વેચાંણ અને નોકરીને લઈને સીતારમણે કહ્યું સરકારી વિભાગમાં નવા વાહનો ખરીદવાની મંજૂરી આપી દેવામાં આવી છે.

નાણામંત્રીના આ નિવેદન પર કૉંગ્રેસે નિશાન સાધ્યું છે. કૉંગ્રેસે કહ્યું કે,“બસ અને ટ્રકનું વેચાણમાં પણ ઘટાડો આવ્યો છે કારણ કે લોકોએ પહેલાની જેમ ખરીદવાનું બંધ કરી દીધું છે. શું તે સાચું નથી નાણામંત્રી સીતારમણ ?

ઉલ્લેખનીય છે કે ઑટો સેક્ટરમાં મંદીનાં કારણથી ઘરેલૂ બજારમાં ઑગષ્ટમાં વાહનોનાં વેચાણમાં ૨૩.૫૫ ટકા ઘટાડો નોંધાયો. ઑટો સેક્ટરમાં મંદીના કારણે દેશના વાહન ઉદ્યોગને છેલ્લા ૨૧ વર્ષોમાં સૌથી ઓછા વેચાણનો સામનો કરવો પડી રહ્યો છે. ઓગસ્ટ મહિનામાં ૧૯૯૭-૯૮ બાદ ઓછું વેચાણ થયું છે.

